## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અલ્યા, આમ રોડ પરનાં ખાડામાં વૃક્ષો વાવશો તો, ઓલા વૃક્ષો બચાવવાનું બહાનું કરી કોઈ દી ખાડા નહીં પૂરે....

# ચોમાસામાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને વળતર અપાશે : ફળદુ

### રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને નુકશાની પેટે ૬૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવે તેવી પણ શક્યતાની ચર્ચા

ગાંધીનગર,તા.૨

આ વર્ષે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. પરંતુ અનેક વિસ્તારોમા એટલો વરસાદ થયો છે કે જેનાથી ખેડૂતોનાં ઉભા પાકને ધોવાઈ ગયા છે. આ અંગે રાજ્ય સરકારે મહત્વની જાહેરાત કરી છે. રાજ્યનાં કૃષિ મંત્રી આર. સી. ફળદુએ જાહેરત કરી છે કે, રાજ્ય સરકારની ટીમો આગામી ૧૫ દિવસમાં એસડીઆરએફનાં ધારાધોરણો પ્રમાણે, ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને વળતર આપવામાં આવશે. મહત્વનું છે કે, અતિવૃષ્ટિનાા કારણે પાકને નુકશાન થયું છે. અંદાજે રાજ્યમાં ૬થી ૬૫૦૦ કરોડનું રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને નુકશાની પેટે પેકેજ જાહેર કરે તેવી પણ શક્યતાઓ ચર્ચાઇ રહી છે. આ સાથે કૃષિ પ્રધાને જણાવ્યું કે, રાજ્યમાં આ વખતે ખૂબ સારો વરસાદ થયો છે. ખેડૂતોના બોર અને કૂવા પાણીથી ઉભરાયા છે. જોકે, બીજીતરફ ખરીફ પાકોના ખેતરમાં પણ પાણી ભરાઈ જવાને કારણે ખેડૂતોને ઘણું જ નુકશાન થયું છે. પરંતુ ભગવાને આટલો વરસાદ આપ્યો છે તેનાથી ધરતી રિચાર્જ થઈ ગઈ છે. ખેડૂતો અત્યારે સંગ્રહ કરેલા પાણીનો ઉનાળુ પાકમાં ઉપયોગ કરી શકશે.

આવતા બે વર્ષ સુધી સારી રીતે ખેતી કરી શકાશે. રાજ્યમાં વરસાદ બંધ થયો છે તો હવે ખેડૂતો ખેતરમાં જઈ શકશે. આ સાથે અમારી ટીમ પણ ખેતરોમાંથી પાણી ઉતરવા સર્વેની કામગીરી શરૂ કરશે અને આગામી ૧૫ દિવસોમાં સર્વેની કામગીરી પુરી કરી લેવામાં આવશે. કૃષિ પ્રધાને વધુમાં જણાવ્યું કે, ખેડૂતોને કોઇ ગેરમાર્ગે દોરવતા હોય કે ખોટી વાતો કરતા હોય તો ખેડૂતો દોરવાશો નહીં. રાજ્યની ભારતીય જનતા પાર્ટી ખેડૂતોની પડખે ઉભી છે. અમે આર્થિક રીતે મદદ કરીશું. આ પહેલા પણ જ્યારે જ્યારે ખેડૂતોને જરૂર પડી છે ભારતીય જનતા પાર્ટી તેમની પડખે ઉભી રહી છે અને અત્યારે પણ જ્યારે ખેડૂતોને જરૂર છએ અમે તેમની પડખે ઉભા રહી શું. જિલ્લા પ્રમાણે જો જોવામાં આવે તો અનેક જિલ્લામાં એવા છે જ્યાં ખેડૂતોની હાલત કફોડી બની છે. સતત વરસાદને પગલે તેમનો પાક ધોવાયો છે. આ મામલે સરકાર તરફથી જાહેર કરવામાં આવેલી 'મુખ્યમંત્રી કિસાન યોજના' અંતર્ગત વળતર મળવાપાત્ર છે. ૧૦મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કરેલી યોજના આ પ્રમાણે છે.



રચનાત્મક વિરોધ : શહેરમાં ગાબડા, ભૂવા, ખાડા જ્યાં જ્યાં પડ્યા હોય ત્યાં વૃક્ષારોપણ કરી રચનાત્મક વિરોધ પ્રદર્શિત કોંગ્રેસ દ્વારા કરાયો હતો. કોંગ્રેસનો સકારાત્મક વિરોધ નોંધીય રહ્યો. વોર્ડ નં. ૭ના કોર્પોરેટરો દ્વારા સેક્ટર-૬ અને ૩માં ગાબડાઓના સ્થાને વૃક્ષો વાવ્યા હતાં.

# વરસાદી સિસ્ટમ પાક. તરફ ફંટાતા ભારે વરસાદ નહીં પડે

### અત્યાર સુધી સરેરાશ ૧૨૧ ટકા વરસાદ નોંધાયો, કચ્છ વિસ્તારમાં સૌથી વધારે ૨૫૫ ટકા સરેરાશ વરસાદ થયો

આખા ગુજરાત માટે અને ખાસ કરીને ખેડૂતો માટે રાહતના સમાચાર છે. બંગાળની ખાડીમાં જે લૉ પ્રેશર સર્જાયા બાદ સિસ્ટમ બની હતી તે પાકિસ્તાન તરફ ફંટાઈ ગઈ છે. જેના પગલે હવે આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની શક્યતા નથી. જોકે, ગુજરાતમાં ચોમાસાના વિદાયને હજુ પણ એક મહિનો બાકી છે એટલે આ દિવસોમાં જો નવી સિસ્ટમ બનશે તો ફરીથી વરસાદ પડશે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે હાલ પાંચ દિવસ રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી. ભારે વરસાદને પગલે રાજ્યમાં અનેક વિસ્તારોમાં ખેડૂતોનો ઊભો પાક ધોવાયો છે. એટલું જ નહીં ખેતરોમાં સતત પાણી ભરાયેલા હોવાથી પાકને ખૂબ નુકસાન થયું છે. પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી રાજ્યમાં સરેરાશ ૧૨૧ ટકા વરસાદ નોંધાયો છે. ઝોન પ્રમાણે વાત કરવામાં આવે તો સૌથી વધારે સરેરાશ વરસાદ કચ્છમાં પડ્યો છે. કચ્છમાં આ વર્ષે સરેરાશ ૨૫૫ ટકા વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં આ વખતે ૧૦૪ ટકા સરેરાશ વરસાદ પડ્યો છે. પૂર્વ મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો અહીં સૌથી ઓછો ૮૮.૫૦ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો આ વર્ષે સૌરાષ્ટ્રમાં ૧૬૩ ટકા વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૧૦૩ ટકા વરસાદ પડ્યો છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની પણ આગાહી કરી હતી કે રાજ્યમાં ૨૬ થી ૨૯ ઓગસ્ટ સુધી વરસાદનું જોર ઘટશે. આ ઉપરાંત ૩૦ ઓગસ્ટથી વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થશે. જેના કારણે ૩૦ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગમાં ભારે વરસાદ થશે. ચોથી સપ્ટેમ્બરના દરિયાકિનારે ભારે પવન ફૂંકાશે. જે બાદમાં ૭ થી ૧૨ સપ્ટેમ્બર સુધી ફરી વરસાદ પડશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જીતેન્દ્ર વદર આજથી શરૂ થઈ રહેલી લૉ વિદ્યાશાખાની પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે જશે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વિક્રમી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આજે ૩૫૦ વ્યક્તીના ટેસ્ટ કરાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવવા માટે ૪૮૦૦ થી વધુ અરજીઓ મળી હતી. જેમાં અધુરી વિગતો તેમજ ફોર્મ ભરવામાં થયેલ ક્ષતિઓને કારણે ૧૧૦૦ થી વધુ અરજીઓ રદ કરાઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજ સવારના ૬ વાગ્યા સુધીમાં સિઝનનો ૧૦૫ ટકા વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ થી ૮ દરમ્યાન કલોલમાં ૨ મી.મી. વરસાદ પડ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં મેલેરિયાના છુટા છવાયા કેસો મળવાના શરૂ થયા છે.

## ગૃહમંત્રી અમિતભાઈ શાહના આરોગ્ય માટે સવાલક્ષ મહામૃત્યુંજય જાપ તેમજ ધ્વજાપૂજા

ગાંધીનગર, તા. ૨

શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ કેશુભાઈ પટેલની સુચનાથી ટ્રસ્ટના ટ્રસ્ટી અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહના આરોગ્ય માટે સોમનાથ મંદિરમાં સવાલક્ષ મહામૃત્યુંજય જાપ કરવામાં આવ્યા હતા. તેમજ ભગવાન સોમનાથજીને પ્રાર્થના કરવામાં આવી હતી. ગૃહમંત્રી સ્વસ્થ થઈને પરત ઘરે ફરતા સોમનાથજીને ધ્વજા ચઢાવવામાં આવી હતી.

## ગુજરાત ચેમ્બરમાં કેઆઈ પટેલ-ભાવેશ લાખાણી વચ્ચે સીધો જંગ

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ચૂંટણીમાં વાઈસ પ્રેસિડેન્ટ પદ માટેના ત્રણ ઉમેદવારો પૈકી એક ઉમેદવાર અશોક પટેલે ભાવેશ લાખાણીના સમર્થનમાં પોતાની ઉમેદવારી પરત ખેંચતા હવે વાઈસ પ્રેસિડેન્ટપદ માટે કે. આઈ .પટેલ અને ભાવેશ લાખાણીએ વચ્ચે સીધો જંગ જામશે.

જોકે ચેમ્બરના સિનિયર સભ્યોનું કહેવું છે કે હજુ ઘણા ઉમેદવારોને જો કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ સંપર્ક કરે તો ઉમેદવારી પરત ખેંચવી છે. હવે જોવાનું એ રહ્યું કે તેમની એ ઈચ્છા પૂરી થાય છે કે કેમ? એક અન્ય ઉમેદવાર અર્ચીસ શાહે એ પણ પોતાની ઉમેદવારી વિડ્રો કરી હોવાનું જાણી શકાયું છે.

# પદાધિકારી અને ધારાસભ્યના વેતનમાં ઘટાડો કરવામાં આવશે

### પદાધિકારીઓ અને ધારાસભ્યોના પગારમાં ઘટાડો થતા વર્ષના ગાળામાં અંદાજે ૬ કરોડ ૨૭ લાખની બચત થશે

ગાંધીનગર,તા.૨

વૈધાનિક રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે વિશ્વૈક મહામારી કોરોના સંદર્ભે રાજ્ય સરકારે ધારાસભ્યો, મંત્રીઓ, વિપક્ષના નેતા અને વિધાનસભાના અધ્યક્ષના પ્રવર્તમાન મૂળ પગારમાં તા. ૦૧/૦૪/૨૦૨૦ થી ૩૧/૦૩/૨૦૨૧ સુધી એક વર્ષના સમયગાળા માટે ૩૦ ટકા કાપ મુકવાનો અગાઉ નિર્ણય કર્યો હતો. જે અંગે એપ્રિલ, ૨૦૨૦માં વટ હુકમ બહાર પાડી તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે આગામી વિધાનસભા સત્રમાં આ અંગેનું વિધેયક લાવવામાં આવશે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે કોરોના મહામારીના સંદર્ભમાં નાણાકીય ખર્ચમાં બચત થાય તે ઉદ્દેશથી રાજ્ય સરકારે અનેકવિધ પગલા લીધા છે. ત્યારે કેટલાક ધારાસભ્યો અને પદાધિકારીઓ દ્વારા વ્યક્તિગત રીતે રાજ્ય સરકારને નાણાકીય મદદ કરવા માટે તત્પરતા દર્શાવાયેલી હતી.

આ અંગે એક સમાન નીતી અખત્યાર કરવાના હેતુથી રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ધારાસભ્યો અને પદાધિકારીઓના મુળ પગારમાં ૩૦ ટકાનો કાપ એપ્રિલ, ૨૦૨૦થી એક વર્ષના સમયગાળા માટે અમલી રહે તે રીતની જોગવાઈ કરતો વટહુકમ બહાર પાડી સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો નિર્ણય કરી તેની અમલવારી શરૂ કરી છે. મંત્રી કહ્યું કે આ વટહુકમની જોગવાઈઓ વિધાનસભાના આગામી સત્રમાં વિધેયક સ્વરૂપે લાવવી જરૂરી હોઇ, રાજ્ય મંત્રીમંડળની આજે મળેલી બેઠકમાં આ વિધયક લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને આગામી વિધાસસભા સત્રમાં આ વિધેયક દાખલ કરી ગૃહની મંજૂરી મેળવી કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પદાધિકારીઓ અને ધારાસભ્યોના પગારમાં ઘટાડો થતા એક વર્ષના ગાળામાં અંદાજે રૂા. ૬ કરોડ ૨૭ લાખની બચત થશે. જે રકમ કોરોના સામેની લડતના ખર્ચ માટે વાપરી શકાશે.

# ગેરકાયદેસર ગુનાહિત કૃત્યો સામે કાયદાને કડક બનાવાયો

### ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાની સ્પષ્ટતા : વ્યાજના હપ્તાની વસુલાત સહિત શારીરિક હિંસા તેમજ ધમકી આપનારાઓ સામે કડક પગલાની જોગવાઈ કરાશે

ગાંધીનગર,તા.૨

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે રાજ્યમાં શાંતિ, સુલેહ અને સૌહાર્દનું વાતાવરણ બની રહે એજ નિર્ધાર સાથે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ ચાલતી અમારી સરકારે નાગરિકોને સુખાકારી સાથે સગવડો આપી છે. રાજ્યમાં પ્રવર્તિ રહેલ શાંતિના પરિણામે જ આખી દુનિયાની નજર ગુજરાત પર છે ત્યારે રાજ્યમાં ગેરકાયદેસર ગુનહિત કૃત્યો કરનાર વ્યક્તિઓને છુટોદોર ન મળે તે માટે રાજ્ય સરકારે પાસાનો કાયદો અમલી બનાવ્યો છે. મંત્રી જાડેજાએ કહ્યું કે તત્કાલીન મુખ્ય મંત્રી અને દેશના હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટીવત નેતૃત્વ અને દિર્ઘપૂર્ણ આયોજનના પરીણામે રાજ્યમાં આજે કોઈપણ અસામાજીક તત્વોને ગુનો કરવો હોય તો સો વાર વિચાર કરે છે. આ તત્વોને નેસ્ત નાબુદ કરવા માટે પાસાના કાયદામાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વટ હુકમ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. મંત્રીએ કહ્યું કે પાસા કાયદા હેઠળ ગુનેગારોને કડકમાં કડક સજા કરવાની જોગવાઈ પ્રવર્તમાન કાયદામાં છે. પ્રવર્તમાન પાસાના કાયાદામાં જે જોગવાઈઓ છે તેમાં આઈપીસી, તથા આર્મ્સ એક્ટ હેઠળના ગુનાઓ આચરનાર વ્યક્તિ, ભયજનક હોય તેવો વ્યક્તિ, ખાનગી અને સરકારી મિલકત પચાવી પાડે તેવો પ્રોપટીગ્રેબર વ્યક્તિ, કેફી દ્રવ્યોની હેરાફેરીમાં સંડોવાયેલ હોય તેવો ડ્રગ ઓફેન્ડર વ્યક્તિ, દેહવિક્રયમાં જેવા અનૈતિક વેપાર સાથે જોડાયેલ ગુનેગાર, દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર બુટલેગર જેવા વ્યક્તિઓને વિરુધ્ધ પાસા કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરીને અટકાયતમાં લઈ શકાય છે. પરંતુ પાસાની જોગવાઈઓના વ્યાપને વિસ્તારીને, પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીને લગતા તથા જાતીય સતામણી જેવા ગુનાઓનું પ્રમાણ આજે જ્યારે વધી રહ્યું છે, ત્યારે આવા ગુનાઓને ડામવા માટે આ સુધારો કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે 'જુગારનો અડ્ડો ચલાવનાર વ્યક્તિને પાસા એક્ટ હેઠળ આવરી લેવાયા છે. જે અનુસાર ગુજરાત જુગાર અધિનિયમ, ૧૮૮૭ની કલમ-૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરી હોય અને એવી રીતે દોષિત તારીખથી ત્રણ વર્ષની અંદર પોતે અથવા ટોળીના સભ્ય કે સરદાર તરીકે ગુનો વારંવાર કરે અથવા કરવાની કોશીશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ સામે પગલા લેવામાં આવતા હતા. આ સુધારાના કારણે હવે 'જાહેર જુગારના અડ્ડાનો હવાલો ધરાવનાર વ્યક્તિને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે જે અનુસાર ગુજરાત જુગાર અધિનિયમ, ૧૮૮૭ની કલમ-૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા કરવાનો પ્રયાસ કરે અથવા કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ ગુનેગાર ગણાશે. જાડેજાએ ઉમેર્યું કે ટેકનોલોજીના માધ્યમ દ્વારા જે સાયબર ગુનોઓ બને છે. તે અંતર્ગત આઈટી અધિનિયમ, ૨૦૦૦ અંતર્ગત કોઈ પણ વ્યક્તિ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા એવો ગુનો કરવાનો પ્રયત્ન કરે કે તેમાં મદદગારી કરે તેવી વ્યક્તિને આ વ્યાખ્યામાં આવરી લેવામાં આવેલ છે.

# આજથી સી. આર. પાટીલની ઉત્તર ગુજરાત યાત્રા આરંભાશે

### પાટીલની સૌરાષ્ટ્ર યાત્રા બાદ આઠ લોકો કોરોના પોઝિટિવ : કોરોના વાઇરસનો રિપોર્ટ કરવામાં આવતા સાંસદ અભય ભારદ્વાજની ઓફિસના ૮ કર્મચારીઓ કોરોના પોઝિટિવ

રાજકોટ,તા.૨

રાજ્યસભાના સાંસદ અભયભાઈ ભારદ્વાજ અને તેના પુત્ર અંશનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા બંને પિતા-પુત્રને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જે બાદ અભયભાઈ ભારદ્વાજ અને તેના પુત્રના ક્લોઝ કોન્ટેક્ટ માં આવેલા વ્યક્તિઓની યાદી બનાવવામાં આવી હતી જે યાદીમાં તેમના નિકટના પરિવારજનો તેમજ અભયભાઈ ભારદ્વાજની ઓફિસમાં કામ કરતાં કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત તમામનો કોરોના વાઈરસનો રિપોર્ટ કરવામાં આવતા અભયભાઈ ભારદ્વાજની ઓફિસના ૮ કર્મચારીઓ કોરોના સંક્રમિત હોવાનું ખૂલ્યું છે. જે ૮ કર્મચારીઓમાં અભયભાઈ ભારદ્વાજના ડ્રાઈવર તેમજ તેમનો પર્સનલ આસિસ્ટન્ટનો પણ સમાવેશ થાય છે.

બીજી તરફ તંત્ર દ્વારા અભયભાઈ ભારદ્વાજના નજીકના પરિવારજનોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે ટેસ્ટમાં તેમના ધર્મપત્ની અલકાબેન ભારદ્વાજ તેમજ તેમના જમાઈનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારે અભયભાઈ ભારદ્વાજના ધર્મપત્ની અલકાબેન ભારદ્વાજ હાલ દાખલ થયા હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આમ માત્ર અઢી દિવસના ગાળામાં જ અભયભાઈ ભારદ્વાજ તેમજ તેમના પરિવાર સાથે સંકળાયેલા કુલ ૧૨ જેટલા વ્યક્તિઓ કોરોના સંક્રમિત થયા હોવાનું ખૂલ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટના મેયર બીનાબેન આચાર્ય પણ હાલ હોમ ક્વૉરન્ટીન થયા છે.

કારણ કે, તેમના પતિનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. તો બીજી તરફ, રાજકોટ પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણી અને તેમના ભાઈ પણ કોરોના સંક્રમિત હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. તો બીજી તરફ રાજકોટના પૂર્વ મેયર રક્ષાબેન બોળીયાનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. ૨૦મી તેમજ ૨૧મી ઓગસ્ટના રોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર. પાટીલ રાજકોટની મુલાકાતે હતા. ત્યારે તેમની મુલાકાત દરમિયાન ૨૦મી ઓગસ્ટના રોજ ગોંડલ ચોકડી ખાતે મહિલા કાર્યકર્તાઓ દ્વારા ગરબા લેવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એકઠા થયા હતા બાઈક તેમજ કાર રેલીમાં પણ જોડાયા હતા.






**ગિયોડ સ્થિત મીનીશ્રી શક્તિ મંદિર અંબાજી માઈભક્તોએ બહારથી દર્શન કર્યા**

દર વર્ષે ગિયોડ સ્થિત મીની શક્તિ અંબાજી મંદિર ગિયોડ ખાતે ભાદરવા સુદ પૂનમે લાખોની સંખ્યામાં માઈભક્તો જગદંબાના દર્શનાર્થે પગપાળા સાથે દૂર દૂરથી દર્શનાર્થે પધારી ધન્યતા અનુભવતા હતા. ત્યારે હાલમાં કોરોના મહામારી-કોવિડ-૧૯ના લીધે ગાઈડલાઈન પ્રમાણે આજે મંદિર ખાતે મુખ્ય દરવાજાના બહારથી માત્ર દર્શન અને પૂજા-અર્ચના કરી માઈભક્તોએ દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. પવિત્ર પૂનમનો મહિમા પ્રમાણે નિયમિત શ્રદ્ધાળુ માતાજીના મંદિરે પધારી દો ગજની દૂરી સાથે ભીડ વિના સાવચેતીથી દર્શન કરવા તત્પર બન્યા હતા. આમ મંદિર તરફથી સુવ્યવસ્થાના ભાગરૂપે પોલીસ બંદોબસ્તની સેવા લેવામાં આવી હતી.

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ)**
**(આદિજાતિ વિકાસ વિભાગ)**
**બ્લોક નં. ૮/૨, નવા સચિવાલય, ગાંધીનગર**
**ફોન નં. ૦૭૯-૨૩૨-૫૨૨૫૭, વેબ :** www.dsag.gujarat.gov.in

**જાહેર નિવિદા - E-Tender Notice**

**No. VKY/2020/2724/D-SAG**

**આઉટ સોર્સીંગથી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવાઓ મેળવવા બાબત**

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ)ની કચેરી માટે આઉટ સોર્સીંગથી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સેવાઓ મેળવવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઓનલાઈન બીડ મંગાવવામાં આવે છે.

ટેન્ડર ડોક્યુમેન્ટ અત્રે કચેરીની વેબસાઈટ www.dsag.gujarat.gov.in તથા https://nprocure.c પરથી તા. ૫-૯-૨૦૨૦ના રોજ બપોરા ૧૫.૦૦ કલાકેથી ડાઉનલોડ કરી શકાશે.

**ટેન્ડરની અગત્યની તારીખો :**
ટેન્ડરની છેલ્લી તારીખ : ૧૮-૯-૨૦૨૦
ટેન્ડર બીડ ઓપનીંગ : ૧૯-૯-૨૦૨૦
નોંધ : ટેન્ડર બાબતે વધુ માહિતી માટે ઉપર જણાવેલ વિગત મુજબ કચેરીનો સંપર્ક કરવો.

**મુખ્ય કારોબારી અધિકારી**
**માહિતી/૭૮૭/૨૦-૨૧** **ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર**

**જાહેર ચેતવણી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે સેક્ટર-૨/બી ના મકાન નં.૩૪૭/૨ જેનું ક્ષેત્રફળ ૯૦.૦૦ ચો.મી. છે. જે પ્લોટ સરકારશ્રીએ હિમાંશુ પી.શુક્લ ને ફાળવેલ જેમનું તા.૩૦-૦૬-૨૦ ના રોજ અવસાન થયેલ છે જેમની સીધી લીટીના એકમાત્ર વારસદાર અમો હાર્દ હિમાંશુ શુક્લ છીએ, સદરહું મકાન તથા અમારા બેન્ક એકાઉન્ટ લગત અમારી જાણ સંમતી સીવાય કોઈપણ વ્યક્તિ, વ્યક્તિઓ, સંસ્થા, મંડળી કે બેંકે. ત્રાહિત વ્યક્તિ સાથે હક્ક હસ્તાંતરના કરારો લખાણો કરવા કરાવવા નહી તેમ છતા આવા કરારો લખાણો અસ્તીત્વમાં આવશે તો તે આથી રદ્દબાતલ (નિલ એન્ડ વોઈડ) ઠરશે. જે અમોને અમલકર્તા, બંધનકર્તા રહેશે નહી. તેમજ હિમાંશુ પી.શુક્લ કે જેઓ અમારા પિતા થાય છે. તેમણે તેમની હયાતીમાં કોઈપણ ત્રાહિત વ્યક્તિ ને પાવર ઓફ એટર્ની કે વીલ યાની વસીયત કે હસ્તાંતરના કરારો લખાણો કરી આપેલ નથી. તેમજ આવા કરારો લખાણો મળી આવશે કે ઉભા કરવામાં આવશે તો તે રદ્દબાતલ કરાવવા કરવા પડતા તમામ ખર્ચ અને પરિણામના જે તે વ્યક્તિ જવાબદાર ઠરશે તે નક્કી જાણશો.

તા.૦૨-૦૯-૨૦૨૦, ગાંધીનગર.

અમારી મારફતે
ત્રિવેદી એસોસીયેટ્સ
અશ્વિન વાસુદેવભાઈ ત્રિવેદી, (એડવોકેટ & સ્પે.પી.પી.)
A302 TO 311, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧,
કુડાસણ, ગાંધીનગર. મો.૯૮૨૫૪ ૫૦૧૯૧

લિ.
હાર્દ હિમાંશુ શુક્લ